સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આપણી જ બેદરકારીને કોરોના ડસી ગયો!
ગુનાઇત દબાણે ગામેગામમાં વસી ગયો!
વિશ્વ થયું જાગૃત ને શોધી 'રસી'ની ઢાલ -
તૈયાર જોઇ, ચીનની જેમ, કોરોના કસી ગયો!

હાઈકુ

મૂબારક હો!
ખ્રિસ્તી નવું વર્ષ -
આપે આરોગ્ય...
(સૌને શુભેચ્છા)

ફરે મેટ્રોમાં -
ને તરો સી-પ્લેનમાં -
ભરાસે પેટ!
(ઉડો સપનાં લઈ)

ચિંતન

વિભૂતિં પ્રસવં ત્વન્યે મન્યતે સૃષ્ટિચિન્તકા ।
સ્વપ્નમાસરુપેતિ સૃષ્ટિરન્યૈર્વિકલ્પિતાઃ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

સૃષ્ટિના વિષયમાં વિચાર કરવાવાળા બીજા લોકો સૃષ્ટિને દૈવી તત્વની વિભૂતિ માને છે, તથા બીજા લોકો સૃષ્ટિને સ્વપ્ન અને માયા સમાન કલ્પે છે.

આ સૃષ્ટિ ઈશ્વરની 'વિભૂતિ' છે અર્થાત્ ઈશ્વરનો જ વિસ્તાર છે, એવું સૃષ્ટિના વિષયમાં વિચાર કરવાવાળા લોકો માને છે. વિભૂતિ એટલે ઐશ્વર્ય, મહિમા, વિસ્તાર. ઈશ્વરનો મહિમા સૃષ્ટિ દ્વારા પ્રગટ થાય છે, એટલે સૃષ્ટિ એ ઈશ્વરની આર્વિભૂતિ છે.

સૃષ્ટિ સ્વપ્ન જેવી, માયા જેવી છે. એવો પ્રાચીન મત છે, પરંતુ તેમાં સૃષ્ટિને માયા કે સ્વપ્ન જેવી કહેવા પાછળનો હેતુ સૃષ્ટિની વિશાળતા - વિવિધતા - અકલ્પતા, વગેરે દર્શાવવામાં સમાયેલો છે.

સૃષ્ટિ પ્રભુની ઈચ્છા જ છે એવું કાલચિંતકો મોન છે. કોઈ પણ બાહ્ય સાધન કે ઉપાદાન વિના જ ઈશ્વરે કેવળ પોતાની ઈચ્છા દ્વારા જ સમસ્ત સૃષ્ટિનું નિર્માણ કર્યું : આવી ઈશ્વરેચ્છા નિર્મિત સૃષ્ટિ મિથ્યા નથી, સત્ય છે.

સુવિચાર

- પ્રયત્ન વિના નસીબ સિદ્ધ થતું નથી - **હિતોપદેશ**
- રોટી સે પવિત્ર કુછ ભી નહીં હૈ... ઈન્સાક કમાને કે લિયે ભી દોડતા હૈ... ઔર પચાને કે લિયે ભી દૌડતા હૈ - **નઈમ બ્રાર**
- મોઢા પર જો અભિમાન હોય તો સમાધાન કયાંથી થાય? સાહેબ, ઈચ્છા જ જો દેખાવ કરવાની હોય તો લાગણી કયાંથી થાય?? - **ભૂપત વડોદરિયા**
- માણસ ઉડાડે માખી માણસને ઉડાડે તુમાખી - **જીવનપાથેય**
- સફળતાનું દ્વાર ખુલ્લું નથી હોતું તેને ખીલવું પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેટલું માથું મોટું એટલો દુઃખાવો મોટો - **તુર્કી કહેવત**
- આજનું ઔષધ : બાવળના ગુંદરનું શિયાળામાં સેવન કરવાથી હૃદય રોગનો ખતરો ટળે છે અને સ્નાયુની મજબૂતીમાં વધારો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

દક્ષિણ આફ્રિકામાં બાપુને અવારનવાર મળવા એક જર્મન લેડી કેલન આવતા. તેઓ ખૂબ મળતાવડા અને પ્રેમાળ હતા. તેમના પર બાપુના સેવાભાવી જીવનની બહુ ઊંડી અસર પડી હતી. લેડી કેલન બાપુના સંબંધીઓનાં બધાં બાળકો સાથે ખૂબ હળીમળી ગયા હતા. એકવાર લેડી કેલન બધા બાળખો માટે ઢગલાબંધ મોંઘી ચોકલેટ અને રમતગમતના કિંમતી રમકડા લઈ આવ્યા.

બાપુને આ વાતની ખબર પડી. એટલે તેમણે લેડી કેલનને મળવા બોલાવ્યા અને પ્રેમથી સમજાવતા કહ્યું, 'બહેન, આપનો ગરીબ બાળકો માટે પ્રેમ અને ઉમળકો હું સમજી શકુ છું, મોંઘા રમકડાં અને મોંઘી ચોકલેટથી આ બાળકો ઉપર ખોટા સંસ્કાર પડશે, જે પૈસાદાર મિત્રો અને સ્નેહીઓ આવાં સાધનો લાવે, તે છોકરાઓનેં મન સારા લાગે, અને સામાન્ય સ્થિતિના કે ગરીબ મિત્રો કંઈ ન લાવી શકે તેમના તરફ છોકરાઓને આદર રહે નહીં, માટે મહેરબાની કરીને હવેથી આવું બધું લાવવાનું બંધ કરશો, તો હું રાજી થઈશ.'

લેડી કેલનને બાપુની વાત તર્કસંગત લાગી અને પોતાની ભૂલ સમજ્યા. તેમને દિલમાં દુઃખ થયું કે, પોતે જીવનમાં બાપુ જેટલી જીણવટ રાખી શકતા નથી?!

કોરોના અને કાશમીર મુદ્દે રાજકીય હૂંસાતૂંસી ન હોવી ઘટે

તંત્રીસ્થાનેથી...

દેશ આખો કોરોનાની વિભીષિકા સામે ચાતક નજરે અસરકારક ઉપાયની રાહ જોઈ રહ્યો છે. સરકારે એસ્ટ્રોઝેનિકા - ઓક્સફર્ડ યુનિવર્સિટીના સહયોગમાં તૈયાર થયેલ 'કોવિશીલ્ડ' રસીને ઈમર્જન્સી ઉપયોગ માટે માન્યતા પણ આપી દીધી છે. પ્રથમ દૌરમાં ફ્રંટલાઈન વોરિયર્સ અને તે પછી વરિષ્ઠ નાગરિકોની યાદીઓ પણ તૈયાર કરાઈ છે. વળી, આરોગ્યમંત્રી ડૉ. હર્ષવર્ધનથી લઈ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સુધીના નેતાઓ આ રસી સરકારી ખર્ચે અપાવાની પણ ખાતરી આપી રહ્યા છે. ત્યારે ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આ રસીને 'ભાજપની રસી' ગણાવી બિનજરૂરી વિવાદ ઊભો કર્યો છે. રસી આખા દેશની અને દુનિયાની જરૂરિયાત છે અને તે કોઈ એક રાજકીય પાર્ટીના શાસનકાળમાં તૈયાર થઈ એટલે તે પાર્ટીની નથી બની જતી. કોરોના જેવી ગંભીર બાબતને રાજકીય ત્રાજવે તોલવા જેવું મહાપાપ કોઈ નથી. ડૉ. હર્ષવર્ધને પોલિયોની રસી વિશે પણ એની અસરકારકતા અને સાઈડ ઈફેક્ટસ સંદર્ભે શરૂઆતના તબક્કે પ્રજામાં આવી જ શંકાકુશંકા પ્રવર્તતી હતી. પરંતુ પછી એનાં જે પરિણામો આપણે જોઈએ છીએ તે સુખદ જ રહ્યાં છે. જમ્મુ અને કાશ્મીર અંગેની કલમ ૩૭૦ મુદ્દે પણ રાજકીય પક્ષો 'કાલ્પનિક વોટબેંક' ને રાજી રાખવા મોદી સરકારનો સીધો કે આડકતરો વિરોધ કરતા રહે છે. આ એક રાષ્ટ્રીય સમસ્યા હતી અને એનો એક ઝાકટે નિકાલ લાવી દઈ મોદી સરકારે હિંમત ભર્યું પગલું ભર્યું હતું. આતંકવાદી જૂથો અને પાડોશી દુશ્મન દેશોને આ પગલાંથી આશ્ચર્ય અને આઘાત પહોંચેલ છે તે સર્વવિદિત છે. જમ્મુ અને કાશ્મીરમાં ડોમિસાઈલ સર્ટિફિકેટ મેળવવાની પહેલ કરનાર સતપાલ નિશ્ચલની લશ્કરી તોયબાના એક આતંકવાદી જૂથે ગોળી મારીને હત્યા કરી દીધી છે. આ પ્રકારનો 'રેઝિસ્ટંસ' પ્રદર્શિત કરનારા આતંકવાદીઓને વીણી વીણીને સાફ કર્યા વિના છૂટકો નથી. કાશ્મીર ખીણ પર ભારતના અન્ય પ્રદેશો કે બિન મુસ્લિમ પ્રજાનો કોઈ હક્ક જ ન હોવો જોઈએ એવા ખતરનાક વલણ સામે લાંબી લડાઈની તૈયારી રાખવી પડશે. એવાં મુફલિસ અને કાયર તત્ત્વો સામે ફક્ત સરકાર કે સેના જ નહીં બલકે દેશની પ્રજા પણ હિંમતપૂર્વક લડત આપે તે જરૂરી છે. આતંકવાદીઓ ખોફનું વાતાવરણ પેદા કરી ખીણ સહિતના એ રમણીય પ્રદેશમાં એમના અડ્ડા ચાલુ રાખવા આકાશપાતાળ એક કરશે. પણ એમનાથી ડરી જઈને લોકો જાતે જ પીછેહઠ કરશે તો સરકાર અને સેનાની મહેનતનો કોઈ અર્થ નહીં રહે. સતપાલ નિશ્ચલને રાજય અને કેન્દ્ર દ્વારા શહીદનો દરજ્જો મળવો જોઈએ. એમના પરિવારને સંપૂર્ણ સુરક્ષા કવચ સાંપડવું જોઈએ એન બીજા હજારો સતપાલોને ડોમિસાઈલ સર્ટિફિકેટો મેળવી કાશ્મીરને દેશના અન્ય કોઈ પણ રાજય કે પ્રદેશ જેટલું જ સલામત માની ત્યાં કામધંધો કે મિલકત વસાવવી જોઈએ. આ માટેની પહેલ મોટાં ઉદ્યોગગૃહો કરે તે વધુ ઉચિત લેખાશે. આતંકવાદીઓને એમની જ ભાષામાં જવાબ મળવો જોઈએ અને એમની કાયરતાપૂર્ણ ગતિવિધિઓને સીધું કે આડકતરું સમર્થન આપનારાં રાજકીય કે સામાજિક સંગઠનો પર પ્રતિબંધ મુકાવો જોઈએ. કોરોના અને કાશ્મીર જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર પણ આપણા નેતાઓ એમના મતભેદો છોડીને એક સાથે ન આવી શકે અને એક ભાષામાં ન બોલી શકે તો એ દેશની કમનસીબી જ લેખાશે.

એક જ દિવસનો રાજા... વરરાજા

સહેજ મલકીએ!
અનંત પટેલ

● 'નાયક' નામની હિન્દી ફિલ્મમાં હીરોને માત્ર એક જ દિવસ માટે રાજા અર્થાત મુખ્ય મંત્રી બનવાનો ચાન્સ મળે છે, ને એ એક દિવસમાં તો એ કેટલું બધું કામ કરી નાખે છે ?? આ જોઈ અમને પણ આપણે ત્યાં એક જ દિવસ માટે રાજા અર્થાત વરરાજા બનાવવામાં આવતા રાજાનું જે કંઈ અવલોકન અમે કરતા આવ્યા છીએ તેના પર પ્રકાશ ફેંકવાનું મન થઈ આવ્યું છે...

● દરેક પુરુષના જીવનમાં અનિવાર્ય રીતે રાજા એટલે કે વરરાજા (થોડાક અપવાદ સિવાય) બનવાનું સૌભાગ્ય (!) અવશ્ય આવે જ છે...

● આપણા વરરાજાને તો માત્ર એક દિવસ જ નહિ પણ લગ્નની અગાઉના બેત્રણ દિવસથી જ ફાજલ (ફ્રી) કરી દેવાય છે, જાણે લગ્ન પછી એણે કોઈ મોટા જંગમાં જવાનું ના હોય..!

● સમાજે ઠરાવેલી આચાર સંહિતા મુજબ વરરાજાને લગભગ તો ઘરની બહાર જવાની મનાઈ જ ફરમાવેલી હોય છે કેમ કે

૧. એને કોઈની નજર લાગી જાય તો??

૨. પીઠી ચોળેલા વરરાજા પર ભૂત પ્રેતની નજર મંડાયેલી હોય છે એટલે ક્યાંક બહાર જાય ને કોઈ ભૂત પ્રેત એને વળગી પડે તો ? (ભૂતને ય કદાચ વર મારફતે નવી વહુને મળવાનું મન થતું હશે કદાચ... ?)

૩. લગ્ન પછી એની શક્તિઓ અને હિંમત ખૂબ કામે લગાડવાની હોવાથી એને ફ્રેશ જ રાખવામાં આવે છે.

૪. પહેલાંના જમાનામાં ઘરે ટોઈલેટ ન હતાં તેથી વરરાજાને કુદરતી હાજતે જવું હોય ત્યારે એક અણવરને સાથે મોકલવામાં આવતો. અને વરના ખિસ્સામાં ધારદાર કટાર કે સારુ ચપ્પુ ભૂલ્યા વિના મૂકી જ દેવાતું...

૫. એ ચપ્પુ કે કટાર તો પાછો પેલો અણવર જ પકડીને દૂર ઉભો રહેતો...!

(વરની એ ક્રિયા દરમિયાન ભૂત એનાથી કદાચ દૂર જ રહેતું હશે..)

● વરના મમ્મી પપ્પા તેમ જ ભાઈ બહેન અને સગા સંબંધી ખૂબ જ માન આપીને એને બોલાવે છે...(કાયમ માન આપે જ છે પણ આ દિવસે એને વિશેષ માન અપાય છે.)

● વરને લગ્ન અગાઉ બે ત્રણ દિવસથી નવાં જ કપડાં પહેરવા અપાય છે...

● લગ્ન પહેલાં શક્ય એટલી લહેર કરવા દેવાય છે અને ખરી સ્વત્રંતતા ની અનુભૂતિ કરવા દેવાય છે...એને બહુ રોક ટોક કરાતી નથી !

● એની બહેન કે ભાભી વરરાજાને જમવા માટેની થાળી તૈયાર કરીને લાવે છે અને પ્રેમ પૂર્વક લાડ કરીને જમાડે છે (જાણે ફરી આવી તક મળવાની જ ના હોય.. !)

કન્યાને સાસરે વિદાય કરવાની હોવાથી એના ઘરે એની બહુ કાળજી લેવાય એ જરૂરી છે પણ વરરાજા કે જેણે કન્યાને લેવા જવાનું છે તેને પણ શારીરિક અને માનસિક રીતે સક્ષ કરાતો હોય એવું અમને બધાં કુંટુંબીઓ દ્વારા વરને અપાતી ખાસંખાસ ટ્રીટમેન્ટ ઉપરથી લાગે છે....!

● વરરાજાની દાઢી કરવા આવનાર વાળંદ પણ એવી રીતે મલાવી મલાવીને સાબુ વાળુ બ્રશ વરરાજાના ગાલ પર ફેરવતો હોય છે કે એ જાણે આ વરરાજાની છેલ્લી વારની દાઢી ના કરી રહ્યો હોય...!!!!!

● રાત્રે વરઘોડા વખતે વરને પાન ન ભાવતું હોય તો પણ એના ભાઈબંધો એના મોંઢામાં એક બે પાન જબરાઈ કરીને ઠોંસાવી જ દે છે...!

● વર નાચવાનો શોખીન હોય તો ઠીક છે બાકી જેને કશો શોખ ન હોય એને કેટલાક વડીલો જબરદસ્તી કરી ઘોડા ઉપરથી નીચે ઉતારીને બિચારાને હાસ્યાસ્પદ રીતે નાચવા માટે મજબૂર કરી દે છે...(કદાચ લગ્ન પછી નાચવાનું ફવડાવવું પડશે એવો પણ આમાં સંકેત હોય...)

● વરઘોડામાં વરે ના પાડી હોવા છતાં ય ઘણા સંબંધીઓએ દબાણ કરીને એના માટે નાચતા ઘોડાનો પ્રબંધ કરાવેલ હોય છે, અને જ્યારે એ ઘોડો મધરાત્રે વરને ઘોડા પર બેસાડીને નાચતો હોય છે ત્યારે તો એ વરનો જીવ તાળવે જ ચોંટી જ જાય છે બોલો...! એને કદાચ એવો ય વિચાર આવતો ય હોય કે હવે મારું શું થશે ??

● બસ, અમારાં અવલોકનો અહીં પૂરાં કરીએ છીએ, તમારી પાસે આવાં કોઈ વિશિષ્ઠ અવલોકનો હોય તો અમને જરૂરથી જણાવજો...

મો.૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

જિંદગી એવી સરસ મળે; શ્વાસે શ્વાસે નવું વરસ મળે...!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

વર્ષ નહીં, વસુધાને પલટો,
પલટો માનવ ઊર.
તંત્રો પલટો, મંત્રો પલટો,
પલટો કાળનું પૂર.
માનવ માનવ વચ્ચે ઉભા અણગણ ભેદ,
એ ભેદોનો છેદ ઉડાડી,
જગવો જગત અભેદ.
પલટો યુગ યુગ કેરી ગાણું,
આજ ઉગે નવા વર્ષનું વ્હાણું.

- કરસનદાસ માણેક

મળસ્ક પાચ વાગ્યા છે. જીવનમાં એક પછી, એક, એમ વર્ષો ઉમેરતાં જાય છે; વરસોમાં જીવન ઉમેરવાની કળા હજી આવડતી નથી. જીવનમાં ઘણી આદતો પડી જાય છે, એમ જીવવાની પણ એક આદત પડી ગઈછે. હૃદયને ધબકવાની આદત પડી છે, અને નાક અને ફેફસાં હવાની અવરજવરથી ટેવાઈ ગયાં છે.

રોજની ઘટમાળ શરૂ થાય છે. એ જ ટૂથબ્રશ અને પેસ્ટ; એ જ બાથરૂમ એ જ માથું, એ જ કાંસકી અને ધીરે ધીર, ખબર ન પડે એમ, ધોળા થતા જતા એ જ વાળ. કાળની સેંથીને માણસ આદતની કાંસકી વડે સમાર્યા કરે છે. ટેવને કારણે જ નોકરીએ ચઢીએ છીએ અને સાંજે ઘેર પાછા પણ ફરીએ છીએ. એ જ દીવાનખાનું. એ જ ચાના કપ, એ જ દુનિયાદારી ગપસપ, એ જ બેડરૂમ અને દિવસનું ઉઠવણું.

માણસ જન્મે, મોટો થાય, નિશાળે જાય... પરણે, સંતાનો થાય. નોકરી કરતો કરતો ઘરડો થાય અને રિટાયર થઈ મરે. આ બધું જાણે ટેવને આધારે જ થયા છ છે આ આખી ઘટમાળમાં ક્યાંય ખલેલ ન પહોંચે, તો માણસને લોકો સુખી કહે. ઘાણીના બળદના જેવું એકધારાપણું આપણને એટલું તો સદી ગયું છે કે મૃત્યુ એમાં ખલેલ પાડે તે પણ ગમતું નથી. અરે, મૃત્યુના પ્રકારમાં ખલેલ પડે તે પણ આપણને ખેંચે છે ! ખાટલે પડ્યા હોઈએ, ને આપણો શ્વાસ બંધ પડે ત્યારે સ્વજનોનાં ડસકો ચાલુ રહે - એ સ્થિતિમાં જ મરવાની ત્રેવડમાં માણસ હોય છે.

કોઈ જરા જુદી રીતે જીવે, જરા જુદી રીતે કપડાં પહેરે કે જરા જુદી રીતે પરણે એટલે સમાજમાં વાતો થવા માંડે છે. જેમ ડેરીના દૂધમાં એકસરખા ફેટની અપેક્ષા આપણે રાખીએ છીએ, તેમ સમાજે નક્કી કરેલા ધોરણો પ્રમાણે જ જીવન વિતાડવાની હવે આદત પડી ગઈ છે.

એચ. જી. વેલ્સની એક વારતા યાદ આવે છે. એક માણસ માળ પરની બારી આગળ સ્ટેન્ડ પર સાઈકલ ટેકવીને ઉપર બેસી પેડલ માર્યા કરે છે. અધ્ધર રહેલું પાછલું પૈડું ફર્યા કરે છે, અને પેડલ મારતો માણસ બારીની નીચે રસ્તા પરથી પસાર થતી દુનિયાને જોઈ જોઈને ઘણું ફર્યાનો સંતોષ માને છે. દરેક માણસ કદાચ જીવનભર આ જ પ્રમાણે પેડલ મારતો રહે છે.

ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે એક આદમીનું ઘર પડી ગયું. ઘરવખરી તણાઈઈ ગઈ કે ભાંગી-તટી ગઈ. અનાજ પલળીને સડી ગયું. પહેરેલ કપડે એ માંડ બચ્યો અને ઘરની સામે બેસીને ભંગારના ઢગલાને જોતો પોક મૂકીને રડવા લાગ્યો. એની પાસે શરાબની બે બાટલી બચી હતી તે છાતીએ વળગાડેલી હતી. એનું દુઃખ ઘટે એ ઈરાદે ગામલોકોએ કહ્યું. "ભાઈ, એમાંથી થોડો પીને સૂઈ જા, બધું થઈ રહેશે." પેલાએ જવાબ આપ્યો : "આ મારાથી ન પિવાય. ઇમરજન્સી વકતે કામ આવે તે માટે એ સાચવી રાખી છે."

આપણા જીવનમાં રોજ ઇમરજન્સી આવે છે. પણ આપણે ચેતનાનો , કરતા રહીએ છીએ. પ્રત્યેક ક્ષણને ભરપેટ માણવાને બદલે વાયદા પાડતા રહી છીએ. જીવન માણવાની વાત આવે ત્યારે "ઘર બંધાઈ જાય પછી... વાહન આવી જાય પછી બદલી થઈ જાય પછી.. દેવું પતી જાય પછી. વાંકડો મળી જાય પછી.. વીમો પાકે પછી કોર્ટનો ચુકાદો આવી જાય પછી" ...

આમ પછી 'પછીમાં પુરાઈ મરતી વાક્યાવલિઓ જ આપણા મોંમાંથી નીકળતી રહે છે. જીવનને આપણે વાયદાના વેપાર જેવું બનાવી મૂક્યું છે. અહીં અને અત્યારે જેવું જિંદગીમાં કશું રહેવા દીધું નથી.

ભૂતકાળના ઓથાર અને ભવિષ્યનાં સમણાંના ભારથી બેવડ વળી જતી. નષ્ટપ્રાય થતી વર્તમાન ક્ષણ વીતી જાય છે, અને આપણે કટોકટી માટેનું બૅક-બૅલેન્સ સૂંઘતા રહી જઈએ છીએ. આપણું જીવન એવું વાસી થઈ જાય છે કે એક નવું ચલચિત્ર, નવું કેલેન્ડર કે જરાતરા ફેરફાર સાથે આવતી નવી ફેશન પણ આપણને થોડોક "ચેન્જ આપી જાય છે....

'આકાશવાણી'ના મંગળ પ્રભાત'ના કાર્યક્રમ પહેલાં નવા દિવસની તારીખ, વાર વગેરેની જાહેરાત થાય છે. દરરોજ સવારે એમ રેડિયો વાગે છે, છાપું આવે છે, દૂધ આવે છે. બપોરે ઓફિસે જઈએ છીએ, રાત્રે પિશ્ચર જોવા જઈએ છીએ... લાગે તો છે કે હજી આપણે મર્યા નથી.. તેથી, આપણે જીવીએ છીએ એવો વહેમ રોજ પાકો થતો જાય છે...

- ગુણવંત શાહ

Last Seen :
જિંદગી એવી સરસ મળે ;
શ્વાસે શ્વાસે નવું વરસ મળે...!

- nehalgadhavi101@gmail.com

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ની સમજૂતિ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાત રાજ્યમાં નાણાં ધીરધારનો વ્યવસાય પુરજોષમાં ચાલી રહ્યો છે. તેવામાં આવા વ્યવસાયમાં ગુજરાત રાજ્યમાં નાણાંની ધીરધારનું નિયમન કરવું અતિ આવશ્યક છે. તેથી આવા નાણાં ધીરધારો પર નિયમન કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ની રચના કરવામાં આવી છે. જેની આજે આપણે ટૂંકમાં સમજૂતિ મેળવીએ.

આ અધિનિયમની શરૂઆત પ્રારંભિકથી થાય છે. જેમાં કલમ : ૧ થી કલમ : ૨ નો સમાવેશ કરવામાં આવ્યો છે. કલમ : ૧ આ અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભના વિશે જણાવે છે. જ્યારે કલમ : ૨ માં આ અધિનિયમના કેટલાક શબ્દોની વ્યાખ્યાઓ આપવામાં આવી છે. જેમાં નિયત દિવસ, બેન્ક, નાણાંની ધીરધારનો ધંધો, મૂડી, કંપની, સહકારી મંડળી, દેણદાર, વ્યાજ, લોન તથા બીજા અન્ય શબ્દોને આ કલમ માં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.

આ અધિનિયમ ની કલમ : ૧ મુજબ ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ સમગ્ર ગુજરાતને લાગુ પડશે અને તે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી અમલમાં આવેલ છે. જે મુજબ નાણાં ધીરધાર કરનારે નિયમોનું પાલન કરવું પડશે.

ગુજરાત નાણાં ધીરધાર કરનાર બાબત અધિનિયમ, ૨૦૧૧ ની કલમ : ૨ માં આપેલ વ્યાખ્યાઓમાં પેટા કલમ : ૧ માં નિયત દિવસ જેમાં આ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખને ગણવાનું જણાવેલ છે. પેટા કલમ : ૨ માં બેન્ક એટલે જેને બેન્કિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯ લાગુ પડતો હોય તેવી બેન્કિંગ કંપની અથવા સહકારી બેન્ક અથવા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા અધિનયમ, ૧૯૫૫ હેઠળ રચાયેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા અથવા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા (સહાયક બેન્કો) અધિનિયમ, ૧૯૫૯ માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની સહાયક બેન્ક તથા બેન્કિંગ કંપની (અંડર ટેકિંગોનું સંપાદન અને તબદિલી) અધિનિયમ, ૧૯૭૦ અથવા બેન્કિંગ કંપની અધિનિયમ, ૧૯૮૦ હેઠળ રચાયેલી તત્સમાન નવી બેન્ક અને પ્રાદેશિક ગ્રામ બેન્ક અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૩ હેઠળ સ્થપાયેલ પ્રાદેશિક ગ્રામ બેન્ક ની જોગવાઈ કરવામાં આવી છે.

આ અધિનિયમની પેટા કલમ : ૩માં નાણાંની ધીરધારનો ધંધો અંગે જોગવાઈ કરવામાં આવી છે. જેમાં રોડક અથવા વસ્તુના રૂપમાં લોન આપવાનો ધંધો અને કોઈપણ ધંધાની સાથે સંકળાયેલ અથવા તેની ઉપરાંતનો હોય અથવા ન હોય તેવો ધંધો અને તેમાં તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ કબૂલાત તથા સોના ઉપર લોન આપવાના ધંધાનો પણ સમાવેશ થાય છે.

પેટા કલમ : ૪ માં મૂડી વિશે જણાવવામાં આવેલ છે જેમાં મૂડી એટલે નાણાની ધીરધાર કરનાર નાણાંની ધીરધારના ધંધામાં રોકાણ કરે તેવી નાણાંની રકમ બાબતે જણાવેલ છે. ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ નાં પેટા કલમ : ૫માં કંપની વિશે જણાવવામાં આવેલ છે જેમાં કંપની એટલે કે એવી કંપની કે જે કંપની અધિનિયમ, ૧૯૫૬ માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કંપની ગણવામાં આવશે.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ નાં પેટા કલમ : ૬ માં સહકારી મંડળી એટલે શું તેની વ્યાખ્યા કરવામાં આવી છે. આ કલમ મુજબ સહકારી મંડળી એટલે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અથવા સહકારી મંડળીઓને લગતા બીજા કોઈપણ કાયદા હેઠળ નોંધાયેલી અથવા નોંધાયેલી હોવાનું ગણાતી મંડળી અને તેમાં, બહુરાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૨૦૦૨ હેઠળ નોંધાયેલી બહુરાજ્ય સહકારી મંડળીનો સમાવેશ થાય છે.

આ અધિનિયમની પેટા પેટા કલમ : ૭માં દેણદાર વિશે જોગવાઈ કરવામાં આવી છે જેમાં દેણદાર એટલે જેને લોન આપવામાં આવી હોય તેવી વ્યક્તિ અને તેમાં હિત ઉત્તરાધિકારી અથવા જામીનનો સમાવેશ થાય છે. પેટા કલમ : ૮માં વ્યાજ ની વ્યાખ્યા કરવામાં આવી છે જેમાં વ્યાજ એટલે ધીરવામાં આવેલી મૂળ રકમ ઉપરાંત વ્યાજના રૂપમાં અથવા અન્યથા લેવામાં આવતી હોય અથવા ચોક્કસ રીતે વસૂલ કરવા ધાર્યુ હોય તેવી રકમનો સમાવેશ થાય છે, પણ તેમાં નાણાંની ધીરધાર કરનારે મૂલ્યાંકન, આકારણી અને જામીનગીરી ઉભી કરવા પેટે થતી કિંમત, ચાર્જ અથવા ખર્ચ તરીકે કાયદેસર લીધેલી કોઈ રકમનો સમાવેશ થતો નથી.

પેટા કલમ : ૯ માં લોન એટલે શું તે જણાવવામાં આવ્યું છે જેમાં લોન એટલે જામીનગીરી થી અથવા જામીનગીરી વગર રોકડ અથવા વસ્તુના રૂપે વ્યાજે આપેલી રકમ અને તેમાં કોઈ વ્યક્તિ માટે અથવા તેના કારણે અથવા તેના વતી અથવા તેની વિનંતીથી અથવા કોઈ હિસાબ પેટે નાણાંની ચૂકવણી માંગવાનું ટાળવા માટે ચૂકવાતી પેશગી, વટાવ અથવા નાણાં અને તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ કરેલી દરેક કબૂલાત કે જે મહત્વની હોય અથવા નાણાંની લોનને અસર કરતી હોય તેનો સમાવેશ થાય છે. પરંતુ તેમાં જણાવેલ સરકારી પોસ્ટ ઓફિસમાં, કોઈ બેન્કમાં, કોઈ કંપનીમાં અથવા કોઈ સહકારી મંડળીમાં જમા કરાવેલ કોઈ નાણાં અથવા બીજી મિલકતોનો, મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અથવા સાર્વજનિક, ધાર્મિક અથવા સખાવતી ઉદ્દેશ સંબંધી બીજા કોઈપણ અધિનિયમ હેઠળ નોંધાયેલી કોઈ મંડળીને અથવા કોઈ મંડળને અપાયેલી અથવા મંડળીએ અથવા મંડળે આપેલી લોનનો અથવા તેવી મંડળી અથવા મંડળમાં મૂકેલી અનામત રકમનો જમા કરાવેલ નાણાંનો, રાજ્ય સરકારે અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલા કલર્ક સ્થાનિક સત્તામંડળે આપેલી લોનનો, સરકારી કર્મચારીઓના કલ્યાણ અથવા સહાય માટે સ્થપાયેલા ફંડમાંથી સરકારી કર્મચારીને ધીરેલા અને જે રાજ્ય સરકારે મંજૂર કરી હોય તે લોનનો, કોઈ સરકારી મંડળીમાં જમા કરાવેલી નાણાંનો અથવા સહકારી મંડળીએ ધીરેલી લોનનો જેવી વિવિધ પ્રકારે ધીરેલ લોનનો સમાવેશ થતો નથી.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧માં જણાવ્યા પ્રમાણે જો કોઈ નાણાંની ધીરધાર કરનારે, જેમાં લોનની ખરેખરી રકમ જણાવી ન હોય અથવા તેવી રકમ ખોટી રીતે જણાવી હોય અથવા જેમાં દેણદારે યોગ્ય રીતે પ્રમાણિત ન કરી હોય તેવી છેકછાક અથવા કોઈ ઘૂંટેલા લખાણનો સમાવેશ કરતી હોય તેવી કોઈ વચનચિઠ્ઠી, પહોંચ, ખત(બોન્ડ) અથવા બીજું લખાણ દેણદાર પાસેથી સ્વીકારવું જોઈશે નહિ અથવા દેણદાર પાસેથી જેમાં ખાલી જગ્યા છોડવામાં આવી હોય અને જેના પર આવા દેણદાર સહી કરી હોય તેવા કોઈ દસ્તાવેજો સ્વીકારવા જોઈશે નહિ .

ગુજરાત સરકારે ઉંચા વ્યાજ વસૂલી નાણા ધીરધાર કરનાર સામે કમર કસી છે. સરકારે નક્કી કરેલા ધારા ધોરણથી વધારે કે ઉંચુ વ્યાજ લેતા ધીરધાર કરનાર સામે મની લેન્ડીંગ એક્ટ મુજબ પગલા લેવામાં આવશે. તેમજ ધીરધાર કરનારના કારણે લોન લેનાર આપઘાત કરે તો પોલીસ ફોજદારી અધિનિયમ મુજબ નાણાં ધીરધાર કરનાર સામે પગલા લેશે. અને કોર્ટ તેને સજા તથા દંડ બંને ફટકારશે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in